ગણેશ ઉત્સવ સમાપન તરફ આગળ વધી રહ્યો છે અને તે સાથે જ શ્રીજીની મૂર્તિઓના વિસર્જન શરૂ થઈ ગયા છે. કેમિકલ મિશ્રિત રંગોથી બનાવેલ પ્લાસ્ટર ઓફ પેરિસની મૂર્તિઓ નદીમાં જળચર પ્રાણીઓ માટે પ્રાણઘાતક હોવા સાથે પર્યાવરણ માટે હાનિકારક છે. આ સંદર્ભે પ્રતિવર્ષ જનજાગૃતિ વધતી જાય છે અને શ્રધ્ધાળુઓમાં માટીની મૂર્તિનું સ્થાપન કરવાનું ચલણ વધતું જાય છે. વળી, વિસર્જન સમયે પણ મોટા મોટા સરઘસો, ટ્રાફિક જામ કરે, ડીજેના ઘોંઘાટથી અવાજનું પ્રદૂષણ સર્જાય અને વિસર્જન વખતે પાણીમાં યુવાન ડૂબી મોતને ભેટે અથવા મૂર્તિ વિસર્જન માટે લઈ જતી વખતે ઈલેકટ્રિક લાઈનને અડી જવાથી યુવાનોના બળીને ભડથું થઈ જવાની ઘટનાઓ સર્જાતી રહે છે તે અંગે પણ જાગૃતિ જરુરી છે. ગાંધીનગરના સે-૨૨માં સુધિરસિંહ ચાવડા નામના શ્રધ્ધાળુઓ પોતાના ઘર આગળ જ મોટા ટબમાં ગણપતિ વિસર્જન યોજી નવો ચીલો ચાતર્યો છે.

ચરેડી ટાંકી પાસેના વિસ્તારમાં મૃત પશુઓનો ઢગ ખડકાતા રોગચાળાની દહેશત

મૃત પશુઓ ખુલ્લામાં નાંખી દેવાતા અસહ્ય દુર્ગંધ વચ્ચે ગુંગળામણ અનુભવતા રહીશો : પ્રશ્નના કાયમી નિકાલ માટે રજુઆત

ગાંધીનગર તા ૬

ગાંધીનગર શહેરમાં રખડતા ઢોરની સમસ્યા હજુ હલ થઈ નથી. શહેરના માગો પર વાહનો કરતા રખડતા ઢોર વધુ નજરે પડે છે. રખડતા ઢોરના લીધે અનેક પ્રશ્નો પણ ઉઠવા પામ્યા છે. બીજીતરફ શહેરમાં મૃત પશુના નિકાલ માટે પણ ઝડપથી વ્યવસ્થા ન ગોઠવાતા માર્ગો પર મૃત પશુઓનો પણ લાંબા સમય સુધી નિકાલ થતો નથી. નગરમાં ચરેડી ટાંકી પાસેના વિસ્તારમાંજ આ મૃત પશુઓનો ઢગ ખડકાય છે મૃત મરઘા તેમજ પશુઓ ખુલ્લામાં નાંખવામાં આવતા આ વિસ્તારમાં અસહ્ય દુર્ગંધ વચ્ચે ગંદકી ખદબદી રહી છે. જેના લીધે રોગચાળો ગમે ત્યારે અજગર ભરડો લે તેવી દહેશત છે. માર્ગ પર જતા રાહદારીઓ પણ ગુંગળામણ અનુભવી રહ્યા છે. આ મામલે કાયમી વ્યવસ્થા ગોઠવાય તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગર શહેરમાં રખડતા ઢોરની સમસ્યા દિનપ્રતિદિન પેચીદી બનતી જાય છે. રખડતા ઢોરના લીધે રોજબરોજ અકસ્માતો સર્જાય છે. કોર્પોરેશન કક્ષાએથી પણ આ અન્વયે અસરકારક કામગીરી થઈ શકી નથી. ત્યારે શહેરમાં મૃત ઢોરના નિકાલના મામલે પણ હજુ યોગ્ય વ્યવસ્થા થઈ શકી નથી. સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા શહેરમાં નગરની સ્વચ્છતા અને સુંદરતાને ઠેસ પહોંચાડે તેવા પરિબળોને કાયમી દુર કરવા માટે કોઇ નક્કર આયોજન થતુ નથી. ચેરેડી પાણીની ટાંકી વિસ્તારમાં રસ્તાની એકબાજુએ મૃત મરઘા અને અન્ય મૃત પશુઓનો ઢગ કરવામાં આવી રહ્યો છે. મૃત પશુઓના લીધે આ વિસ્તારમાં માથુ ફાડી નાંખે તેવી દુર્ગંધ પ્રવર્તી રહી છે. આવા સંજોગોમાં આ વિસ્તારમાંથી પસાર થતા નાગરિકો પણ ત્રાહીમામ પોકારી ગયા છે. આ પ્રશ્નનો કાયમી નિકાલ આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે. શહેરમાં સ્વચ્છતાના નામે પણ મીંડુ જોવા મળી રહ્યુ છે. સેકટરોની શેરીઓમાં પણ ગંદકી ખદબદી રહી છે. જયારે મચ્છર ઉત્પત્તિ સ્થાનો પણ વધતા રોગચાળાએ જોર પકડયુ છે. આવા સંજોગોમાં મૃત પશુઓનો પણ યોગ્ય ઠેકાણે નિકાલ થતો નથી. જેના લીધે આ વિસ્તારમાં ખદબદતી ગંદકી વચ્ચે ગમે ત્યારે રોગચાળો અજગર ભરડો લે તેવી દહેશત છે.

અસહ્ય તાવથી પિડાતા બે બાળકોને ગાંધીનગર સિવિલમાં રિફર કરાયા

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં મેલેરિયાતંત્ર દ્વારા લેવામાં આવેલા બ્લડ સેમ્પલમાં મેલેરિયા નેગેટીવ જણાયા બાદ પણ બે દર્દીને તાવ ન ઉતરતાં તેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે રિફર કરવામાં આવ્યા છે.

જે બે દર્દી રિફર કરવામાં આવ્યા છે તેમાં એક દિકરો અને દિકરીનો સમાવેશ થાય છે. મળતી વિગતો પ્રમાણે દિકરાની ઉંમર પાંચ વર્ષની છે અને તે પેથાપુરનો રહીશ છે જ્યારે દિકરીની ઉંમર ૯ વર્ષની છે અને તે ઉનાવાની રહીશ છે.જિલ્લામાં મેલેરિયા અને વાહકજન્ય રોગચાળાની સ્થિતિ નિયંત્રણમાં હોવાનો દાવો કરવામાં આવ્યો છે. જિલ્લામાં ડેન્ગ્યુના કેસો નોંધાયા છે.

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગરમાં ૬૨.૯૧ ટકા અને કલોલમાં સિઝનનો ૧૦૧ ટકા વરસાદ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં સિઝનનો ૮૩.૨૮ ટકા વરસાદ આજ સુધીમાં નોંધાઈ ચુક્યો છે. જિલ્લાના ચાર તાલુકા પૈકી કલોલમાં ૧૦૦ ટકા વરસાદ આ સિઝનમાં નોંધાયો છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે કલોલમાં અત્યાર સુધીમાં ૭૮૪ મી.મી. વરસાદ નોંધાયો છે. સામાન્યતઃ ચોમાસાની સરેરાશ આ તાલુકાની ૭૬૨ મી.મી. છે. આમ આ તાલુકામાં અત્યાર સુધીમાં ૧૦૧.૦૮ ટકા વરસાદ આજ સવારના ૬ વાગ્યા સુધીમાં નોંધાઈ ચુક્યો છે.

દહેગામમાં સિઝનનો ૮૪.૩૯ ટકા વરસાદ નોંધાયો છે તો માણસામાં ૮૧.૩૭ ટકા વરસાદ નોંધાયો છે. દહેગામમાં સરેરાશ વરસાદ ૮૦૮ મી.મી. સામે અત્યાર સુધીમાં ૬૮૨ મી.મી. અને માણસામાં ૮૦૧ મી.મી. સામે ૬૫૨ મી.મી. વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં સૌથી ઓછો વરસાદ ગાંધીનગર તાલુકામાં નોંધાયો છે. અહિ સિઝનનો માત્ર ૬૨.૯૧ ટકા વરસાદ નોંધાયો છે. ગાંધીનગર તાલુકાની સરેરાશ ૭૦૪ મી.મી. વરસાદની સામે ૪૪૩ મી.મી. જ વરસાદ નોંધાયો છે.

● અનુસંધાન પાન-૭ પર

સ્વચ્છ ભારત મિશનમાં ગુજરાત અગ્રસ્થાને

જળશક્તિ મંત્રાલય આયોજીત 'સ્વચ્છ મહોત્સવ'માં ગુજરાતને પાંચ શ્રેણીમાં એવોર્ડ

ગાંધીનગર, તા. ૬

હંમેશા પથદર્શક બની રહેલા ગુજરાતે ભારત સરકારના વિવિધ અભિયાનો, યોજનાઓ અને કાર્યક્રમોમાં આગળ પડતો ભાગ લઈ શ્રેષ્ઠ કામગીરી કરી છે. સ્વચ્છ ભારત મિશનનુ લક્ષ્ય ગુજરાતના ગ્રામ્ય વિસ્તારો સુધી પહોંચાડી ગુજરાતે તમામ લક્ષ્યો ઉચ્ચત્તમ સ્તરે હાંસલ કર્યા છે. તાજેતરમાં દિલ્હી ખાતે જલશક્તિ મંત્રાલય આયોજિત સ્વચ્છ મહોત્સવમાં ગુજરાતે પાંચ કેટેગરીમાં વિવિધ એવોર્ડ પ્રાપ્ત કરી ગુજરાતનુ ગૌરવ વધાર્યુ છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના માર્ગદર્શન હેઠળ ગ્રામ્ય વિસ્તારે, શહેરી વિસ્તારે, પર્યટન સ્થળો અને યાત્રાધામોમાં સ્વચ્છતા અભિયાનનુ સફળતાપૂર્વક આયોજન થયુ છે. ગુજરાતના સુપ્રસિદ્ધ યાત્રાધામ સોમનાથ મંદિરને સૌથી સ્વચ્છ આઈકોનિક સ્થળ તરીકે પસંદ કરવામાં આવ્યો

છે. જલશક્તિ મંત્રાલયના મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતના હસ્તે આ એવોર્ડ અપાયો હતો. આ ઉપરાંત સ્વચ્છ ભારત મિશનની સમગ્રતયા કામગીરી બદલ ગુજરાતને બીજુ સ્થાન મળ્યુ છે. જેનો એવોર્ડ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદના હસ્તે ગ્રામ વિકાસ વિભાગના અગ્ર સચિવ એસ.જે. હૈદરે સ્વીકાર્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

ઢબુડી માતાની જામીન અરજી અંગે આજે ચુકાદો

શુક્રવારે બન્ને પક્ષોની સુનાવણી બાદ હવે કોર્ટ આગોતરા જામીન અરજી અંગે નિર્ણય જાહેર કરશે

ગાંધીનગર તા ૬

ધનજી ઓડ ઉર્ફે ઢબુડી માતાની આગોતરા જામીન અરજી સંદર્ભે આજે ગાંધીનગની કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી જયારે બન્ને પક્ષોની દલીલોના અંતે કોર્ટે આ મામલે શનિવારે નિર્ણય જાહેર કરવાનુ જણાંવ્યુ છે.

પુત્રને કેન્સરની દવા બંધ કરાવાનુ જણાંવતા તેનુ મોત નિપજયુ હોવાના આક્ષેપ બદલ ધનજી ઓડ ઉર્ફે ઢબુડી માતાની ગમે ત્યારે ધરપકડ થાય તેવા અણસાર મળતા ધનજી ઓડે ગાંધીનગરની કોર્ટમાં આગોતરા જામીન અરજી રજુ કરી હતી. જયારે આ અરજી અન્વયે આજે ગાંધીનગરની કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન બન્ને પક્ષ દ્વારા દલીલો રજુ કરવામાં આવી હતી. જેમાં સરકાર તરફે સરકારી વકીલે એવી દલીલ કરી હતી કે ધનજી ઓડે છેલ્લા ચાર પાંચ વર્ષથી જોગણીમાતાના ભુવા તરીકે ઓળખ પ્રસ્થાપિત કરી છે. ત્યારબાદ ઢબુડી માતા તરીકેની ઓળખ પ્રસ્થાપિત કરી ખોટા ભ્રામક પ્રચાર કરીને બિમાર તેમજ દુખિયારા લોકોને બાધાઓ આપી વચનોમાં બાંધીને અંધશ્રધ્ધા તરફ લઇ જાય છે. જેને કારણે અરજદાર પોતે પણ ભોગ બન્યા છે. અરજી અન્વેય રૂપાલ , ચાંદખેડા સહીતના સ્થળે તપાસ કરતા ધનજી ઓડ મળી આવેલ નથી. જયારે આગોતરા જામીન અરજી મંજુર થાય તો હાલમાં તપાસમાં સહકાર ન આપતા ધનજી ઓડ કાયદાનો ડર રાખે તેમ નથી. જયારે વધુ નિર્દોષ લોકો અંધશ્રધ્ધા તરફ ધકેલાય તેમ છે. સામે પક્ષે ધનજી ઓડના વકીલ ચેતન રાવલે દલીલ કરી હતી કે ઘટનાના ત્રણ વર્ષ બાદ કોઇ પુરાવા વગર અરજી કરવામાં આવી છે. અરજદારે કરેલી

● અનુસંધાન પાન-૭ પર

કર્મ અને ધર્મને બેલેન્સ કરી અંબાજી પદયાત્રા કરતા ભક્તો

બી.કે. સતીષ અને એમના સાથી કર્મચારીઓ ઓફિસ કાર્યને ડિસ્ટર્બ કર્યા વગર ૧૧ વર્ષથી નિયમીત અંબાજી પદયાત્રા કરે છે

ગાંધીનગર, તા. ૬

બોલ માડી અંબે, જય જય અંબે... ભાદરવી પુનમનો અંબાજીનો મેળો આવે એટલે મા અંબાને શિશ ઝુકાવી આશિર્વાદ લેવા ભક્તો પગપાળા અંબાજીના માર્ગે નીકળી પડે છે. ભક્તો છેક મુંબઈથી લઈ સુરત, વડોદરા, અમદાવાદ, ગાંધીનગરથી ૨૦૦-૩૦૦ કિમી. પગમાં છાલા પડ્યાની ચિંતા કર્યા વગર અંબાજી પદયાત્રા કરવા નીકળી પડે છે. ઓફિસ-ધંધામાંથી રજા લઈ ખાસ અંબાજી ચાલતા જાય છે.

ગાંધીનગરની કલ્પતરૂ કંપનીના પૂર્વ સીઈઓ બી.કે. સતીષ અને એમના સાથી કર્મચારીઓ પણ છેલ્લા ૧૧ વર્ષથી અંબાજી પગપાળા જાય છે. પણ... આમની પદયાત્રા અન્ય ભક્તોથી જરા અલગ પ્રકારની છે. તેઓ નોકરીમાંથી રજા લીધા વગર એટલે કે એમના કાર્યને ડિસ્ટર્બ કર્યા વગર આ પદયાત્રા કરે છે એટલે કે ધર્મ અને કર્મ બન્નેને બેલેન્સ કરે છે. થોડા વર્ષો અગાઉ ઓફિસના દસેક કર્મચારીઓ એક સાથે અંબાજી પદયાત્રામાં જવા માટે પાંચ દિવસની રજા માંગવા આવ્યા. હવે જો રજા આપે તો ઓફિસ કેવી રીતે ચાલે ? અને ના આપે તો કર્મચારીની ધાર્મીક લાગણી દૂભાય. એટલે સતીષ સાહેબે એક અનોખો માર્ગ અપનાવ્યો. એમણે કહ્યું કે હું પણ તમારી સાથે અંબાજી ચાલતા આવીશ, પણ મારી શરતે... અને એમણે સવારે ચાર વાગ્યે ગાંધીનગરથી અંબાજી પદયાત્રા શરૂ કરી. સાત વાગ્યા સુધી ચાલ્યા પછી તેઓ ગોઝારીયા અટક્યા, ત્યાં એમણે બધા કર્મચારીને ઘરે પરત ફરવા કારની વ્યવસ્થા કરી હતી, બધા ઘરે ગયા નાહી ધોઈને ઓફિસ આવી ગયા. સાંજે ફરી ગોઝારીયા કારથી પહોંચી ગયા અને જ્યાંથી અટક્યા હતા ત્યાંથી ફરી પદયાત્રા શરૂ કરી અંબાજીના માર્ગે આગળ વધતાં રહ્યાં...

આમ ત્રણ-ચાર દિવસ સુધી સવાર સાંજ ૧૫-૨૦ કિમી અંતર કાપી તેઓ ઘરે પરત ફરતા અને ઓફિસ જઈને એમનું કામ પણ કરતા, છેલ્લે દાંતાથી અંબાજી પહોંચી, માતાના ચરણોમાં સાષ્ટાંગ દંડવત કરી, રવિવારે આરામ કરી સોમવારથી ફરી પાછા પોતાની ઓફિસે નિયમીત થઈ ગયા...

આમ એક પણ દિવસની રજા પાડ્યા વગર અંબાજી પદયાત્રા બી.કે. સતીષ, મયુર થાનકી, પ્રવીણ નાયર, અશ્વીન પટેલ, વિપીન નાઘ્નેય વગેરે મિત્રો છેલ્લા ૧૧ વર્ષથી કરે છે. આજે જ્યારે અંબાજી પદયાત્રાના નામે હજારો કામના કલાકોનો બગાડ થાય છે, નોકરીમાં રજા પડે છે, ધંધો બંધ રાખવો પડે છે એની સામે આ મિત્રો ઓફિસનો એક પણ કલાક બગાડ્યા વગર સડસડાટ અંબાજી યાત્રા કરે છે, અને ધર્મ અને કર્મને બેલેન્સ કરે છે.

આ ઓફિસના અન્ય મિત્રો સેવા કેન્દ્રમાં કાર્ય કરે છે તેઓ પણ રજા રાખ્યા વગર ઓફિસ સમય પહેલાં કે પછી સેવા કરીને બન્નેને બેલેન્સ કરે છે. અંબાજી પદયાત્રા કરતા ભક્તોએ આ આઈડીયા ખરેખર અપનાવવા જેવો છે. આ કરવાથી રાતવાસો કરવાની કે જમવા-રહેવાની વ્યવસ્થાનો પ્રશ્ન આપોઆપ હલ થઈ જાય છે, સ્વચ્છતા પણ જળવાય છે અને માતાજીના આશિર્વાદ પણ મળે છે. અત્યારે લાખ્ખો ભક્તો અંબાજીના માર્ગને છલકાવી રહ્યા છે ત્યારે થોડા ઘણા ભક્તો પણ જો આ માર્ગ અપનાવે તો આપણા દેશને આડકતરો ફાયદો થઈ જ શકે અને નોકરીની રજાની ચિંતા વગર અંબાજીના માર્ગે બોલ માડી અંબે, જય જય અંબે કરતા પદયાત્રા થઈ શકે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

શ્રી કડી નાગરિક સહકારી બેન્ક લિ., કડી

૧, નાથાલાલ પાર્ક સોસાયટી, ગાયત્રી બસ સ્ટેન્ડ પાસે, રાણીપ, અમદાવાદ. ટે. નં. ૨૭૫૨૮૦૪૬ / ૨૭૫૨૮૦૪૭

જાહેર નોટીસ

(મિલકતના વેચાણ સહ હરાજી)

આથી નીચે દર્શાવેલ પરિશિષ્ટવાળી મિલકત જે નિરલ અરવિંદભાઈ પટેલના નામે છે તે વેચી બેન્કની બાકી પડતી લ્હેણી રકમ વસુલ મેળવવા માટે મે. બોર્ડ ઓફ નોમિનીઝ સાહેબની કોર્ટ, અમદાવાદમાંથી હુકમનામું મળેલ છે. તે ડીક્રી હોલ્ડરના અનુસંધાનમાં ગુજરાત સહકારી મંડલી અધિનિયમ ૧૯૬૧ના સુધારા ૨૦૦૨ની કલમ ૧૫૯, નિયમ ૯૬ થી ૧૩૯ મુજબ 'જેમ છે જ્યાં છે', 'ત્યાં જે કાંઈ છે' અને 'જેમ છે જે છે'ના આધારે જે કોઈ ઈસમો નીચે પરિશિષ્ટ વાળી મિલકત વેચાણ રાખવા ઈચ્છતા હોય તે તા. ૧૮/૯/૨૦૧૯ના રોજ સાંજના ૫:૦૦ વાગ્યા સુધીમાં (૫ મિનિટના આસિમીત વધારા સાથે) પોતાની ઓફર તેમજ રૂ. ૫૦,૦૦૦/- અંકે રૂપિયા પચાસ હજાર પુરાનો શ્રી કડી નાગરિક સહકારી બેન્ક લિ. કડી.ના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ સાથે સીલબંધ કવરમાં ખાસ વસુલાત / વેચાણ અધિકારીને રૂબરૂ પહોંચતી કરવી.

વેચાણની અન્ય શરતો બેન્કની રાણીપ શાખા અમદાવાદ ખાતેથી હરાજીના દિવસે હરાજી પહેલા જાણવા મળશે. રસ ધરાવતા બીડરો આ મિલકત જોવા માંગતા હોય તો તેઓએ ખાસ વસુલાત અધિકારીશ્રીનો બેન્કના સમય દરમિયાન સંપર્ક કરવો.

હરાજીના તારીખ : ૨૭/૯/૨૦૧૯ને શુક્રવારે બપોરે ૩:૦૦ કલાકે
સ્થળ : શ્રી કડી નાગરિક સહકારી બેન્ક લિ., ૧ નાથાલાલ પાર્ક સોસાયટી, ગાયત્રી બસ સ્ટેન્ડની પાસે, રાણીપ, અમદાવાદ

:: પરિશિષ્ટ ::

વેચવાની મિલકતનું વર્ણન

૧. જત ડિસ્ટ્રીક્ટ ગાંધીનગર તાલુકા ગાંધીનગરના મોજે કુડાસણ બ્લોક નં. ૧૫૯ પૈકીની જમીન કે જેનો ઓ.પી.નં.૮૧ના ફા.પ્લોટ નં. ૮૩ પૈકી સબ પ્લોટ નં. ૮૩/૧ની કુલ ૯૧૧૦ ચો.મી.ની બિનખેતીની જમીનમાં બંધાયેલ 'કાનમ રેસીડન્સી' પૈકી બ્લોક નં. એ,ના પ્રથમ મજલે આવેલ ફ્લેટ નં. ૧૦૧, બાંધકામ એરીયા ૧૩૨.૪૩ ચો.મી. તથા જમીનમાં વ.વ. ૪૯.૪૩ ચો.મી. તથા કોમન પ્લોટ, રોડ રસ્તા, તેમજ કોમન એમેનીટીમાં વ.વ.વ. ૧૭.૫૫ ચો.મી. સહિતની મિલકત....

તારીખ : ૫/૮/૨૦૧૯

(પ્રવિણભાઈ એ. પટેલ)
ખાસ વેચાણ અધિકારી
શ્રી કડી નાગરિક સહકારી બેન્ક લિ.
ગંજબજાર, કડી

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com